


ઉનાળાનો ઉકળાટ તમામ રાહદારી - વાહનચાલકો અસ્ત-વ્યસ્ત ઉનાળાની ગરમીનો પારો ઉંચો જતાં જ રસ્તા સૂમસામ ક્યાંક ન છુટકે રાહદારીઓ નજરે પડે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

## બાદરજીના મુવાડા ગામે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના બાદરજીના મુવાડા ગામે તાજેતરમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુવાનોએ નોંધપાત્ર સંખ્યામાં ભીગ લીધો હતો.

રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન-૨૦૧૧-૧૨ અંતર્ગત આયોજીત આ કાર્યક્રમ 'ટકાઉ આજીવીકા માટે વનોનું મહત્વ' વિષય પર રાજપૂત એજ્યુકેશન ટ્રસ્ટના ઉપક્રમે યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ મુકેશસિંહ ઝાલાએ કહ્યું હતું કે એક યુવાન દીઠ એક વૃક્ષની વાવણી કરવાના આ આયોજનમાં ગ્રામજનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધોહતો. ઝાલાએ ટકાઉ આજીવિકા માટે વન (જંગલ)ની અગત્યતા વિશે સમજ પુરી પાડી હતી. આ રાજપૂત ટ્રસ્ટ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે પ્રેરણાદાયી અને પ્રશંસનીય રહ્યા છે.

# બાયડ જિલ્લામાં વારંવાર થતાં અકસ્માતો નિવારવા ખાનગી વાહનચાલકો સામે પોલીસની લાલ આંખ

બાયડ તા.૨૫

મોડાસા અને મેઘરજ માં એક જ દિવસ માં અકસ્માત માં ૧૬ જેટલા વ્યકતીઓ નજા મોત નીપજતા પોલીસ તંત્ર સફાળુ જાગ્યુ હોય તેમ અકસ્માતો નિવારવા મુસાફરો ભરી બેફામ રીતે ગાડી હંકારતા ખાનગી વાહન ચાલકો પકડી દંડ ફટકારવાની કામગીર ગુરૂવાર ના રોજ કરવામાં આવી હતી તંત્ર ની આ ઝુંબેશના પગલે જીલ્લા ના પોલીસ સ્ટેશ નમાં વાહનો ખડકલો થઈ ગયો હતો સાબરકાંઠા જીલ્લામાં દિન પ્રતીદિન અકસ્માતો ની સંખ્યામાં વધારો થવા પામ્યો છે જેમાં તા.૨૪ નારોજ મોડાસા નજીક અને મેરજ નજીક થયેલા અકસ્માત નો કુલ મૃત્યુ આંક ૧૬ ઉપર પહોચવા પામ્યો છે ત્યારે દિન પ્રતીદિન થતાં અકસ્માતો ની સંખ્યા માં ઘટાડો કરવા જીલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા ના આદેશ થી પોલીસે ખાનગી વાહન ચાલકો જેવા કે જીપ રીક્ષા અને ટેમ્પો ચાલકો કે જે આડેધડ મુસાફરો ભરી વાહનો હંકારે છે તેવા ખાનગી વાહન ચાલકો સામે પોલીસે લાલ આખ કરી છે તેના ભાગ રૂપે આજે બાયડ શહેર માં પણ છેલ્લા બે દીવસ થીવહેલી સવાર થી જ બાયડ પોલીસે સપાટો બોલાવ્યો હતો અને ૪૦ જેટલા ખાનગી વાહનો ડીટેઈન કરી તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો.

# મહિયલમાં ઉત્તર ગુજરાત વીજ કુ.ના છબરડા એક ગરીબ કુટુંબને ૧૩૭૧૧ રૂ.નું વીજ બીલ

મહિયલ, તા. ૨૫

તલોદ તાલુકાના મહિયલ ગામના રહીશ એક ગરીબ પરિવારને ઉ.ગુ. વીજ. કુ. તરફથી માત્ર ૫૦૦૦ની કુલ માસિક આવકમાં ૫ વ્યક્તિઓનું ભરણપોષણ કરનારા પંચાલ પરિવારને રૂ. ૨૦૦થી રૂ. ૬૦૦ નું રેગ્યુલર લાઈટબીલને બદલે અચાનક જ જાન્યુ-ફેબ્રુ-૨૦૧૨નું વીજ બીલ રૂ. ૧૩૭૧૧ મળતા આખો પરિવાર સહજભાવે હેબતાઈ ગયો છે અને તંત્રની બેદરકારીને લઈ પરિવારને ન છૂટકે 'સામુહિક આત્મહત્યા' કરવાની નોબત આવશે તેવું અલ્ટીમેટમ તંત્રને લેખિતમાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મહિયલ પંથકના પશાભાઈ શિવાભાઈ પ્રજાપતિના મકાનમાં સતિષ બાબુભાઈ પંચાલ તેના શ્રમજીવી માતા-પિતા પત્ની અને ધાવણી દિકરી સાથે રહે છે. જેથી સદર રહેઠાણના વીજબીલના નાણા ભરવાની જવાબદારી સતિષ પંચાલ પરિવારને શિરે છે. સતિષ અને તેના પરિવારની કુલ માસિક આવક માત્ર પાંચ હજાર રૂપિયા છે. માત્ર પાંચ હજારની આવક રળતા પરિવારને માથે વીજ તંત્રના ઉપકરણોની કે કર્મચારીઓની મનાતી ભૂલને કારણે રૂ. ૧૩૭૧૧નું વીજ બીલ આવતા પરિવાર તે અંગે ન્યાય મેળવવા ધમપછાડા કરી રહ્યું છે. ૧૦૦ યુનિટના એવરેજ વપરાશને સ્થાને ૨૦૩૦ યુનિટ વપરાશનું બીલ મળતા પરિવારને માથે ૨૦૦ ટકાથી વધારે રકમનો બોજ વીજ તંત્રએ લાદીને તે ભરી દેવા પઠાણી ઉઘરાણી જારી રાખી છે.

આટલી મોટી વીજબીલની રકમ ચુકવવા આ શ્રમજીવી પરિવાર કોઈપણ ભોગે સમર્થ નથી. જેથી આવેલ અસહ્ય લાઈટબીલને 'એપેલેટ'માં ચેલેન્જ કરવાનો નિર્ધાર કરવાની અને તેમ કરીને ન્યાયની ભીખ માગવાની ફરજ આ પરિવારને પડી છે. તો બીજી તરફ વીજ તંત્ર તરફથી આ વીજ વપરાશકર્તા નિર્દોષ ગ્રાહકને ન્યાય મળે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. આ પરિવારને વીજબીલ ભરી દેવા અથવા વીજ જોડાણ વિના ટળવળવા સંદર્ભેની ટોર્ચરયુક્ત મળતી ચેતવણીથી ત્રાહિમામ પોકારી ગયેલા આ પરિવાર આખરે જાનની બાજી લગાવી સામુહિક આત્મહત્યા કરવા તરફ ન દોરવાય તે અંગે યોગ્ય ન્યાય કરવાની જવાબદારી વીજતંત્રની નથી શું? તેવા અનેક પ્રશ્નો ઉભા થાય છે. આ પરિવારે પોતાના વપરાશનું વીજ જોડાણ કાપી નાખવાની તંત્ર દ્વારા ચેષ્ટા કરવામાં આવશે તો પરિવારને ન છૂટકે સામુહિક આત્મહત્યા કરવાની નોબત આવશે તેવુ અલ્ટીમેટમ તંત્રને લેખિત આપ્યું છે.

# બાયડમાં આજે મહેસુલ મંત્રી આનંદીબહેનના હસ્તે પ્રાંત કચેરીનું ખાતમુહુર્ત કરાશે

બાયડ તા.૨૫

બાયડમાં આજરોજ સાંજે લગભગ ૪.૩૦ કલાકે રાજયના મહેસુલ મંત્રી આનંદીબહેનના વરદ હસ્તે બાયડ મામલતદાર કચેરી સામેના મેદાનમાં અઢી કરોડ રૂપિયા જેટલી માતબર રકમના ખર્ચથી બનતી નવીન પ્રાંત કચેરીનું ભુમી પુજન કરવામાં આવશે અને ત્યારબાદ ખાતમુહુર્ત યોજાશે. જેને લઈને એજન્સીએ કામ પણ શરૂ કરી દીધુ છે ત્યારે આ પ્રસંગે શનિવારે સાજના સમયે આ કાર્યક્રમમાં મહેસુલ મંત્રી આનંદીબહેન શિક્ષણમંત્રી જયસીંહ ચૌહાણઅને ગૃહ મંત્રી પ્રફુલભાઈ પટેલતેમજ જીલ્લા પંચાયત ના પ્રમુખ હેમલત્તા બહેન સહીતના અગ્રણીઓ પણ ઉપસ્થીત રહેશે ત્યારે આ કાર્યક્રમ ને લઈ ને આર એન્ડ બી ના ડી.ઈ પ્રજાપતી એસ.ઓ ડામોર અને વશીષ્ઠ ભાઈ ની દેખરેખ હેઠળ આ કાર્યક્રમ ને ચાર ચાંદ લગાવવવા આખરી ઓપ અપાઈ રહયો છે અને તડામામર તૈયારીઓ ચાલી રહી છે.

## રાજ્ય સંઘની મહિલા સમિતિમાં મુસ્લિમ મહિલા એડવોકેટની વરણી

મોડાસા, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયની દરખાસ્તથી રાજ્ય સંઘની મહિલા



સમિતિમાં મોડાસાની મુસ્લીમ મહિલા એડવોકેટ નફીસાબેન જેથરાની વરણી કરવામાં આવી છે. પાંસઠ વર્ષમાં પ્રથમ વખત મુસ્લિમ મહિલાની વરણીથી સાબરકાંઠા જિલ્લાના મુસ્લીમ સમાજમાં આનંદની લાગણી જોવા મળી છે. આથી સમાજના અગ્રણી ઈકબાલભાઈ ઈપ્રોલીયા, ખાદીમ લાલપુરી, યુસુફભાઈ શેખ, રહીમ છાલોટીયા, બાબુભાઈ ટાઢા, ઝુલ્ફીકાર મનવા, ઈકબાલ ટાઢા, આફતાબ કુરાની, મહમંદસફી મદની વગેરેએ અંબાલાલ ઉપાધ્યાયનો આભાર માની મહિલા એડવોકેટ નફીસાબેન જેથરાને અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતની મુલાકાત લેતા પર્યટકોની સંખ્યામાં ૨૫ લાખનો વધારો નોંધાયો

ગાંધીનગર, ૨૫

વર્ષ ૨૦૧૧-૧૨માં રાજયમાં આવતાં પ્રવાસીઓની સંખ્યામાં ૨૫ લાખના વધારા સાથે ગુજરાતમાં સતત બીજા વર્ષે પર્યટકોની સંખ્યામાં નોંધપાત્ર વૃધ્ધિ જોવા મળી છે. વધુ મહત્ત્વની વાત એ છે કે રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં થયેલી વાર્ષિક વૃધ્ધિ રાષ્ટ્રીય સરેરાશથી લગભગ બમણી છે.

ઉપલબ્ધ તાજા આંકડા મુજબ વર્ષ ૨૦૧૧-૧૨માં ગુજરાતના પ્રવાસે આવેલા પર્યટકોની સંખ્યા ૨૫ લાખ જેટલા નોંધપાત્ર પ્રમાણમાં વધીને ૨.૨૩ કરોડના સ્તરે પહોંચી છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં આ સંખ્યા ૧.૯૮ કરોડ હતી. ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ ટેકનિકલ કન્સ્ટન્સી ઓર્ગેનાઈજેશન લિમિટેડ (ગીટકો) દ્વારા રાજયના હોટલ ઓક્યુપન્સિ રેટ અને તેમાંય ખાસ કરીને મહેમાનો દ્વારા રાત્રિ રોકાણ કરવામાં આવ્યું હોય તે અંગેની માહિતી એકત્ર કરી તેનું વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરીને આ આંકડા તૈયાર કરવામાં આવ્યા છે. ટુરીઝમ કોર્પોરેશન ઑફ ગુજરાત લિમિટેડ (ટીસીજીએલ) દ્વારા 'ખુશ્બુ ગુજરાત કી' નામનું એડ કેમ્પેઈન લોંચ કરવામાં આવ્યું તે પછીનાં બે વર્ષમાં સમયગાળામાં ગુજરાતમાં આવતાં પ્રવાસીઓની સંખ્યામાં કુલ ૫૪ લાખનો વધારો નોંધાયો છે.

આવી જ રીતે વર્ષ ૨૦૧૦-૧૧માં પણ 'ખુશ્બુ ગુજરાત કી' નો જાદુ છવાયેલો જોવા મળ્યો હતો. તેનાથી આગલા વર્ષે એટલે કે ૨૦૦૯-૧૦ માં રાજય આવેલા પ્રવાસીઓની સંખ્યા ૧.૭૦ પણ પ્રવાસીઓની સંખ્યા નોંધપાત્ર પ્રમાણમાં વધારવામાં ગુજરાતને સહાયતા પ્રાપ્ત થઈ છે.



કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી મુકામે ભૂગર્ભ ગટર લાઈનનું કામકાજ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ ચોમાસુ આવવાથી રાત-દિવસ જોયા વિના કામ ચાલુ રાખીને સત્વરે કામગીરી પૂર્ણ કરવાનાં પૂરા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. ત્યારે ઉનાળાના બળબળતા બપોરે પણ કારીગરો પોતાનું મશીન લઈને પાઈપો લોડ કરી રહ્યા છે અને જેમ બને તેમ જલદી કામ પૂર્ણ થાય અને લોકોને અગવડતાને બદલે પૂરતી સગવડતા મળે તેવા પ્રયાસો શિહોરી સરપંચ શ્રી હિરાજી ડાભી તરફથી કરવામાં આવી રહ્યા છે. (તસવીર : હેમુભા વાઘેલા)

## તલોદ ટ્રિનિટી જુનિયર સાયન્સ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૨૫

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની વર્ષ ૨૦૧૨માં લેવાયેલ પરીક્ષામાં ટ્રિનિટી જુનિયર સાયન્સ કોલેજમાં પ્રથમ ક્રમે ગૌસ્વામી અમુલ દિનેશભાઈ ૭૯ ટકા મેળવેલ છે. દ્વિતીય ક્રમે પટેલ હિરલ શૈલેષભાઈ ૭૪ ટકા સાથે અને તૃતીય ક્રમે પટેલ નેહા શૈલેશભાઈ ૭૩ ટકા સાથે ઉર્તીણ થયેલ છે. આ વિદ્યાર્થીઓ એ ટ્રિનિટી સાયન્સ કોલેજનું અને સંચાલન મંડળનું ગૌરવ વધારેલ છે. તે બદલ સંચાલક મંડળ તરફથી વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

# રાજપુર મઠમાં છ દિવસ ચાલનાર મહોત્સવની તૈયારીઓ પૂર્ણ





(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૫

ડીસામાં આવેલ રાજપુર વિસ્તાર ખાતે ૨૫ કુંડી મહાવિષ્ણુયજ્ઞ, મહાશિવપુરાણ કથા અને વિરાટ સંત સંમેલન ભંડારા મહોત્સવનો રંગે ચંગે શુભારંભ થઈ રહ્યો છે. 'સંતના પગલે સૂરજ ઉગે સદ્ભાગ્યનો રે' પરમ વંદનીય શ્રી ગોપાળપુરીજી બાપુના વસવાટ અને શ્રદ્ધાભક્તિ તપના ભવ્યવારસાનો ઈતિહાસ રાજપુર મઠ ધરાવે છે. આ ઈતિહાસને ફરી એકવાર સોળે કળાએ ખીલવવા ભવ્યાતિભવ્ય મહોત્સવનું આયોજન તા. ૨૬-૫-૨૦૧૨ થી તા. ૨-૬-૨૦૧૨ સુધી કરવામાં આવ્યું છે.

આ સઘળા પ્રસંગોમાં ગુજરાત ભરના પૂજનીય સંતોનો જાણે કે સાગર છલકાય એમ વિશાળ હાજરીના અમૂલ્ય દર્શનનો લાભ મળશે. સંત તેજપુરી બાપુના કુશળ માર્ગદર્શન હેઠળ રાજપુર મઠ પરિવારના સંતો મહંતો, સેવકો અને આયોજકો તેમજ રાજપુર ગામના લોકો છેલ્લા ઘણા સમયથી તૈયારીમાં લાગી ગયા હતા. મહાશિવ પુરાણ કથાના વક્તા તરીકે પરમ પૂજ્ય દયાલગીરીજી બાપુ, જ્ઞાનગંગા રૂપી અમૃતવાણી વહાવશે. યજ્ઞાચાર્ય જયેશભાઈ જોષીની આગેવાની હેઠળ અન્ય ભુદેવો મંત્રોચ્ચાર કરશે. તા. ૨૮-૫-૨૦૧૨ ના રોજ અશ્વિનભાઈ જોષી મા-પાને ભુલશો નહીં કાર્યક્રમ રજુ કરશે. શ્રી પાટીદાર ઉમિયા રામા મંડળ પાતિયા (કચ્છ) ના કલાકારો તા. ૨૯-૫-૨૦૧૨ ના રોજ શ્રી રામદેવપીરજી મહારાજનું જીવન ચરિત્ર રજૂ કરશે. તા. ૩૦-૫-૨૦૧૨ ની રાત્રે સંગીતાબેન લાબડીયાના સૂરે ભજન સંધ્યા યોજાશે.

આ મહોત્સવમાં ગુજરા, રાજસ્થાન સહિત અન્ય રાજ્યના યોગીઓ, મઠાધિપતિઓ, સંતો મહંતો ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જિલ્લાના રાજકીય અગ્રણીઓ, અધિકારીઓ, પ્રદેશકક્ષાના નેતાઓ, મંત્રીઓ પણ સમય અનુસાર મુલાકાત લેતા રહેશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બાબતે ગુરૂવારના રોજ યોજાયેલ પત્રકાર પરિષદમાં મહંત શ્રી દોલતપુરીએ કાર્યક્રમની રૂપરેખા આપતા પત્રકારોને વિગતવાર માહિતી આપી હતી. પત્રકાર પરિષદના સંચાલક અમીષપુરી ગૌસ્વામીએ વિશેષ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ તા. ૨-૬-૨૦૧૨ ના રોજ થશે. આ કાર્યક્રમની તમામ તૈયારીઓ પૂર્ણ થવા પામી છે. મહંત તેજપુરી મહારાજના આર્શિવાદથી સમસ્ત કાર્યક્રમનો શુભારંભ થવા આડે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે રાજપુર મઠ પરિવાર અને રાજપુરમાં હર્ષોઉલ્લાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિના સભ્ય તરીકે ચીખલીના ધારાસભ્યની નિમણૂક

ગાંધીનગર, તા. ૨૫

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રચાયેલ અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ) માટે રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિમાં ચીખલીના ધારાસભ્ય શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલની સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાની વરણી વિધાનસભાના અધ્યક્ષ તરીકે કરવામાં આવતા તેમના સ્થાને શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલની નિયુક્તિ કરવામાં આવી છે.

# ધનસુરાના ઉજળેશ્વર મહાદેવ મંદિરનો મુખ્ય માર્ગ બિસ્માર હાલતમાં...!

## પવિત્ર પ્રવાસન ધામ છતાં તંત્રની બેદરકારી

ધનસુરા, તા.૨૫

ધનસુરા તાલુકાના ઉજળેશ્વર મહાદેવ મંદિર તરફનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં પડયો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં રોડ રિપેર ના થતાં આખરે સ્થાનિકો ઉગ્ર રોષ સાથે ઉગ્ર સત્યાગ્રહ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ધનસુરા તાલુકાના પ્રસિધ્ધ ઉજળેશ્વર મહાદેવ મંદિર તરફ જવાનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર પડયો છે. અહીં શિવરાત્રિ અને ગોકુલાષ્ટમી જેવા તહેવારોમાં તથા શ્રાવણ મહિનામાં ભકતોની ભારે ભીડ જોવા મળે છે. તેમજ સરકારે આ મંદિર પ્રવાસન ધામમાં પસંદ કર્યુ છે ત્યારે પ્રવાસીઓની પણ ભીડ જોવા મળે છે. પરંતુ ભંગાર માર્ગના કારણે અહીં પ્રવાસ અથવા દર્શનાર્થે આવતા લોકો અને રોજ આ માર્ગ પર પરિવહન કરતા રહીશો ભારે ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને સત્વરે તંત્ર આ બિસ્માર માર્ગનું સમારકામ કરાવે તેવી માંગ સાથે સત્યાગ્રહ કરવાની માંગ ઉચ્ચારી છે.

GUJARAT NATIONAL LAW UNIVERSITY
Attalika Avenue, Knowledge Corridor, Koba, Gandhinagar 382007
Website: www.gnlu.ac.in, Email: contact@gnlu.ac.in M.: 8128650881
Tender Notice No: DP-05/12 Dated: Friday, 26 May 2012
For supply, testing and commissioning of Kitchen Equipment
Sealed bids are invited for supply, testing and commissioning of various kitchen equipment for University Canteen. Interested parties may visit our website http://www.gnlu.ac.in/tender.htm for tender specifications, terms & conditions. Last date for submission of tender is Monday, 4 June 2012.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE — બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ — ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY, GANDHINAGAR
(Ministry of Textiles, Government of India)
GH-0 Extension Road, Near Infocity, Gandhinagar-382007
Phone No. 079-23240832, 23240834, 23265000, Fax : 079-23240772

NOTICE INVITING TENDERS

TENDER NOTICE NO.: 08,09/2012-13/NIFT/GNR

The Registrar, NIFT, Gandhinagar invites tenders from interested bidders having experience of similar works in organizations/ institutes of repute with statutory registrations for providing such types of services.

| Tender Notice No. | Descriptions | Last date of Tender Submission upto 3.00 pm | Date of Opening of Tender at 4.00 pm | Price of Tender Forms ₹ |
|---|---|---|---|---|
| 8 | Annual Rate Contract for providing Bus Transport Service | 15/06/2012 | 15/06/2012 | 200.00 |
| 9 | Annual Rate Contract for Hiring of Taxi (Indica-Diesel) Services | 18/06/2012 | 18/06/2012 | 500.00 |

Detailed terms and conditions are given in priced Tender Form (not transferable) which can be obtained from this office between 10.00 Hrs. to 17.00 Hrs. every day except Saturday, Sunday and Public Holidays, but on the opening day, the tender form can be obtained up to 2.00 P.M. only on payment of prescribed Tender Fee in the form of Cash OR Demand Draft (non refundable) issued in favour of National Institute of Fashion Technology, payable at Ahmedabad. The notice inviting tenders may be downloaded from website www.nift.ac.in/ gandhinagar. However, additional information, if required, kindly contact this office during office hours only.

Date : 25/05/2012 Sd/- Registrar

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશનસની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧